# શ્રીમતી સી.આર.ગાર્ડી આર્ટ્સ કોલેજ,મુનપુર

## બી.એ.સેમેસ્ટર-૧ પ્રવેશ માટેના નિયમો અને જાણકારી

1.ધોરણ 12 આર્ટસ /સાયન્સ/ આઈ.ટી.આઈ /ડિપ્લોમા થયેલ વિદ્યાર્થી પ્રવેશને પાત્ર ગણાશે. આઈ.ટી.આઈ અને ડિપ્લોમા થયેલ વિદ્યાર્થીએ સમકક્ષતાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

2. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના વિદ્યાર્થીઓએ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનું પ્રોવિઝન એલીજીબીલીટી સર્ટિફિકેટ ફરજિયાત રજૂ કરવાનું રહેશે.તે સિવાય પ્રવેશ મળશે નહીં.

3.સૌ પ્રથમ પ્રોવિઝનલ(કામચલાઉ) મેરીટ યાદી મુકાશે.તેમાં કોઈ ભૂલ જણાય તો આપેલ સમય મર્યાદામાં રજૂઆત કરવાની રહેશે.ફાઈનલ મેરીટ યાદી બાદ કોઈ ફરિયાદ ધ્યાને લેવામાં આવશે નહી.

4. 16/6/24 થી 17/6/24 સુધી દરેક વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ પર પોતાના યુઝર આઈ ડી થી લોગીન થતા રહી પોતાનું સ્ટેટસ જોતા રહેવું પડશે.તમે પસંદ કરેલ કોલેજના મેરીટ લીસ્ટમાં તમે આવતા હશો તો તે કોલેજ તમને તમારા લોગીનમાં એડમીશન ઓફર લેટર મોકલશે.જેમાં કોલેજમાં રીપોર્ટીંગ(એડમીશન) માટેની તારીખ લખી હશે.જે લેટર લઇ જરૂરી તમામ આધારો અને ફી સાથે તે તારીખ સુધીમાં તમારે ફી ભરી એડમીશન મેળવી લેવાનું રહેશે.જો નિયત સમયમાં પ્રવેશ નહી લો તો પોર્ટલ તમારી ફી સ્વીકારશે નહી અને એડમીશન મળશે નહી.

**અગત્યની સુચના** - પ્રવેશ લેવા આવો ત્યારે રજિસ્ટ્રેશન વખતે ઉપયોગ કરેલ મોબાઈલ અવશ્ય સાથે લાવવાનો રહેશે.મોબાઈલમાં OTP આવશે.જે કોલેજને આપવાનો છે.ત્યાર બાદ જ એડમીશન કન્ફર્મ થશે.

મેરીટ લિસ્ટમાં નામ સિવાયના વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે સંપર્ક કરવો નહીં.

5. મેરીટ યાદી પ્રકાશિત થયા બાદ નિયત સમયમાં ફી નહીં ભરનાર વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ થશે અને તેની જગ્યાએ મેરીટ ક્રમમાં આવતા ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે.

6. અનામત કક્ષાના ઉમેદવારોએ પ્રવેશ સમયે જાતિ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અન્યથા અનામતનો લાભ મળશે નહીં.

7. બક્ષીપંચના વિદ્યાર્થીઓએ એપ્રિલ 2022 પછીનું નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ રજુ કરવાનું રહેશે અન્યથા અનામતનો લાભ મળવા પાત્ર થશે નહીં.

8. કોલેજે નક્કી કરેલ માપદંડના આધારે જે તે વિષયમાં પ્રવેશ આપવામાં આવશે.વહેલા તે પહેલાના આધારે વિષય પસંદગી આપવામાં આવશે.

9. પ્રવેશ સમયે વિદ્યાર્થીએ ધોરણ 12 ની ઓરીજનલ માર્કશીટ કોલેજમાં જમા કરાવવાની રહેશે. પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કોલેજ જાણ કરે ત્યારે કોલેજ કાર્યાલયમાંથી મેળવી લેવાની રહેશે.

10. કોલેજ પ્રવેશ ફોર્મમાં એ.બી.સી આઈડી નંબર દરેક વિદ્યાર્થીએ ફરજિયાત લખવાનો રહેશે.

11.ધોરણ 12 ના એગ્રીગેટ ટકાના આધારે મેરીટ બનાવેલ છે.

12.ધોરણ 12 માં સમાન ટકા હોય ત્યારે જેના વધુ માર્કસ હોય તે ધ્યાને લેવામાં આવેલ છે. જ્યારે બે કે બેથી વધારે વિદ્યાર્થીના માર્કસ સમાન હોય ત્યારે ધોરણ 10 ના માર્કસ ધ્યાનમાં લેવામાં આવેલ છે ધોરણ 10ના માર્કસ પણ સમાન હોય ત્યારે જન્મ તારીખ જેની આગળ હોય તેને મેરીટમાં આગળ ગણેલ છે.

13. મેરીટ બાબતની કોઈ પણ ફરિયાદ હોય તો લેખિતમાં સમય મર્યાદામાં આપવાની રહેશે.

14. મેરીટમાં આવેલ વિદ્યાર્થી આપેલ સમય મર્યાદામાં પ્રવેશ નહી મેળવે તો તે જગ્યા ખાલી રહેશે.અને બીજા રાઉન્ડમાં મેરીટના ધોરણે ભરાશે.

15. અરજી પત્રકમાં ખોટી માહિતી આપનાર વિદ્યાર્થીનો પ્રવેશ રદ થશે.

16. અન્ય નિયમો અને  વિગતો માટે કોલેજના માહિતી પત્રકનો ધ્યાનથી અભ્યાસ કરવો.

17. નવીન  વિગતો માટે કોલેજ નોટીસ બોર્ડ જોતા રહેવું.

આચાર્યશ્રી

ડૉ.એમ.કે.મહેતા

**શ્રીમતી સી.આર.ગાર્ડી આર્ટ્સ કોલેજ,મુનપુર**